સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

વાતોના ઘાટે જ નવડાવી ન જાય ઈ જોજો !
'ચા'ની ચૂસકીમાં બાબુ બનાવી ન જાય ઈ જોજો!
વગાડેલા ઢોલની પોલ, ખૂલી ન જાય ઈ જોજો!
મન ની વાત, મનમાં જ રહી ન જાય ઈ જોજો!

હાઈકુ

આજ નહીં તો -
આવતા ભવે, પણ -
'બદલા લેંગે'

વીર રસનાં -
રાખો સૂત્રોની સ્પર્ધા -
લોકજાગૃતિ!!

ચિંતન

ગુણૈઃ સંવેષ્ટિતો દેહઃ તિષ્ઠતિ આયાતિ યાતિ ચ ।
આત્મા ન ગન્તા ન આગન્તા કિમ્ એનમ્ અનુશોચસિ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક ગીતામાંથી લેવામાં આવેલ છે.

ગુણોથી ઢંકાયેલો દેહ આવે છે, રહે છે અને જાય છે. આત્મા નથી જતો કે નથી આવતો તો પછી શા માટે તું એનો શોક કરે છે.

અહીં અષ્ટાવક કહે છે કે દેહ તો ગુણોથી ઢંકાયેલો છે, દરેક દેહધારીમાં સત્વ, રજસ, અને તમસ આ ત્રણે ગુણો વત્તાઓછા પ્રમાણમાં રહેલા છે. એટલું જ નહીં, સ્થળ, સમય સંજોગો, સ્થિતિ અનુસાર તેમાં વધ-ઘટ થતી રહે છે. કાયમ એકનું એક રહેતું નથી. આ સિવાય દરેકને પોતાને ગુણધર્મ પણ હોય છે, જેને સ્વધર્મ પણ કહી શકાય.

ગીતામાં એ ગુણો અને ગુણધર્મો વિશે કૃષ્ણ ભગવાન વિસ્તૃત છણાવટ કરીને સમજાવે છે પરંતુ એ ગુણો અને ગુણધર્મો દેહના છે, અને એ દેહ સાથે જ તે જાય છે.

સુવિચાર

- સંપત્તિ, સત્તા અને દક્ષતા માત્ર જીવનના સાધનો છે, એ ખુદ કંઈ જીવન નથી - **શાહબુદ્ધિન રાઠોડ**
- તમે તમારા બાળકને મેઘધનુષ બતાવતા હોય ત્યારે કામ તમારી રાહ જોઈ શકે છે... પરંતુ તમે કામ પૂરું કરો ત્યાં સુધી મેઘધનુષ્ય તમારી રાહ નહીં જોવે - **ઈટાલીન કહેવત**
- પુરુષોને મોટામાં ફાયદો એ છે કે તેમની યાદશક્તિ લાગણીઓ સાથે નહીં પણ તર્ક સાથે સંકળાયેલી હોય છે, અને એટલે જ પુરુષ જલદી ભૂલી જાય છે - **હંસલ ભયેચ**
- સફળતાનો યશ પોતાની ટીમને આપે અને નિષ્ફળતાની જવાબદારીઓ પોતાની પાસે રાખે એ જ સારો નેતા બની શકે - **એન્ડ્રુ કાર્નેગી**
- આનંદ આપણો ઉપભોગ કરે છે, શ્રમ આપણને સામર્થ્ય વાન બનાવે છે - **સમયસૂત્ર**
- મોટા ભાગના લોકો એ ક્યારેય નથી શીખી શકતા કે જીવનનો સૌથી અગત્યનો હેતુ એને માણવાનો છે - **સેમ્યુઅલ બટલર**
- આજનું ઔષધ : આંબાનો મ્હોર, એલચી, વરિયાળી દૂધ સાથે ફાકી કરી પીવાથી બેસી ગયેલો અવાજ ખુલી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કૌશમ્બી રાજયના રાણીને બુદ્ધની લોકપ્રિયતા પસંદ ન હતી. રાણીએ તેમને અપમાનિત કરવા અમુક માણસોને ભગવાન બુદ્ધની પાછળ લગાવી દીધા હતા. બુદ્ધના શિષ્ય આનંદ પેલા માણસોનો દુર્વ્યવહાર જોઈને દુઃખી થતા. આનંદે ભગવાન બુદ્ધને કહ્યું, 'આ લોકો તમારું ઘોર અપમાન કરે છે આથી આપણે આ શહેરને છોડીને બીજા શહેરમાં જઈએ. આટલું અપમાન સહન કરવાની જરૂર શું છે ?' બુદ્ધે આનંદને કહ્યું, 'શું આપણે આ રાજયમાં હંમેશા રહેવાના છીએ? શું આપણો અહીંના વિહારનો સમય પૂર થયો છે? આનંદે કહ્યું, 'આપણે હંમેશ માટે અહીં રહેવાના નથી. પણ આ લોકો કારણ વિના તમારું અપમાન કરે છે એટલે આપણે બીજી જગ્યાએ જઈએ.' ભગવાને કહ્યું, 'ચાલો જો હવે આપણે કૌશમ્બી છોડીને બીજે જઈશું ત્યાં પણ આવા જ લોકો મળશે તો શું કરીશું? અને આમને આમ કેટલા શહેર બદલી શું? આપણે કોઈ ખોટા કામ કર્યા નથી તો પછી ડરીને ભાગવાની શું જરૂર? આપણા વિહારનો જેટલો સમય બાકી છે તે અહીં જ પૂરો કરીને બીજે જશું. જયારે કઠણાઈનો સામનો કરવો પડે ત્યાં જ રહીને તેનો બરાબર સામનો કરવો જોઈએ. અને જયારે મુશ્કેલી દૂર થાય પછી જ તે સ્થળ છોડવું જોઈએ. મુશ્કેલીઓને જેમની તેમ રાખી ત્યાંથી ભાગી જવાથી મુશ્કેલી દૂર થતી નથી. ઊલ્ટી વધી જાય છે. ડર્યા વિના સામનો કરીને જ મુશ્કેલીને જડમૂળથી નિવારણ કરવું જરૂરી છે.' શિષ્ય આનંદને ભગવાન બુદ્ધની વાત ગળે ઉતરી ગઈ.

સરહદના સંવેદનશીલ મુદ્દે વિવેક જરૂરી

તંત્રીસ્થાનેથી...

ચીન અને ભારત વચ્ચે સરહદ પર હાલ પૂરતી બેઉ પક્ષોને અનુકૂળ એવું સમાધાન સધાયું છે. વડાપ્રધાને લદ્દાખની ફોરવર્ડ પોસ્ટની રૂબરૂ મુલાકાત લઈ ભારતીય સેનાના જવાનોનું મનોબળ વધાર્યું એથી ચીનનાં સત્તાવર્તુળોણાં સળવળાટ થયો હતો, જેથી યુદ્ધની સ્થિતિ નિવારવાના પ્રયાસોએ વેગ પકડ્યો હતો. ચીનને પણ યુદ્ધ પોસાય એમ નથી. હાલ આખી દુનિયા એની વિરુદ્ધ છે. કોરોના સંક્રમણનો દોષનો ટોપલો બધાએ ભેગા મળી ચીનના માથે ઢોળ્યો છે અને તે યોગ્ય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા સાથેના મીઠા સંબંધોનો પર્દાફાશ થયા પછી એના પ્રતિનિધિ પણ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયા છે. ચીન પાસે રાક્ષસી સૈન્યશક્તિ છે, પરંતુ એ અમેરિકાને મહાત કરવાની ક્ષમતા નથી ધરાવતું. અમેરિકા મહાસત્તા હોવા ઉપરાંત યુરોપના દેશો સહિત વિશ્વના મોટાભાગના દેશોનું સમર્થન ધરાવે છે. એટલે યુદ્ધ થાય તો તે ભારત-ચીન વચ્ચેનું નહીં રહેતાં ચીન વિરુદ્ધ સમસ્ત વિશ્વનું યુદ્ધ બની રહે અને ચીનને એવો જડબેસલાક બોધપાઠ મળે કે એની અત્યાર સુધીની પ્રગતિ ધૂળમાં મળી જાય. ચીન આ બાબત બરાબર સમજે છે વળી એ જાણે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કેમિસ્ટ્રી એટલી બધી મળે છે કે મોદીના એક ઈશારે અમેરિકા ચીન પર ત્રાટકી ભારતને સુરક્ષા કવચ પૂરું પાડી શકે એમ છે. દક્ષિણ ચીન મહાસાગર પર ચીન પોતાનો દાવો કરે છે પરંતુ ત્યાં અમેરિકન યુદ્ધ જહાજો પહોંચી ગયા છે. સ્વાયત્ત તાઈવન અને હોંગકોંગ સહિત ચીનની પજવણીનો ભોગ બનેલા દેશો આવા વિશ્વયુદ્ધમાં આગમાં ઘી હોવાનું કામ કરી શકે છે. ચીન એથી જ હાલપૂરતી વાણિયા મૂછ નીચી - વાળી કૂટનીતિ અપનાવી ગલવાન ઘાટીમાં જૈસે થે સ્થિતિ સ્વીકારવા સંમત થયું હોવું જોઈએ. જો કે ડોભાલ સાથેની ચીની વિદેશમંત્રીની વિડિયો વાતચીતથી થયેલ નિર્ણય હંગામી છે; હજી ડિપ્લોમેટિક અને સૈન્ય અધિકારીઓ વચ્ચેની બેઠકોનો દોર ચાલ્યા કરશે. ગાલવાન કે ફિંગર-૪ જેવી જગ્યાઓ પરથી ચીને પોતાનો હક જતો નથી કર્યો. હાલ પૂરતું આ પરિસ્થિતિ બગડે નહીં એ માટેનું હંગામી સમાધાન છે. મોદીનો અભિગમ જરૂર પડ્યે યુદ્ધ - કરી લેવાનો રહ્યો છે. ચીનને એની સમજણ પડી ગઈ છે. કોંગ્રેસને એની સમજણ કેમ નથી પડતી તે સંશોધનનો વિષય છે. સહજ ભાવે કરેલ નિવેદન કે આપણી સરહદમાં કોઈ ઘૂસ્યું નથી - એનું વાતનું વતેસર કરી રાહુલ ગાંધીથી લઈ એમના પ્રવક્તા લોકનજરમાં નીચે ઊતરી રહ્યા છે. એ લોકો નાની અમથી બાબતને મોટો મુદ્દો બનાવવાની મૂર્ખામી કરી રહ્યા છે. કોંગ્રેસ પ્રવક્તાએ ડોભાલ મંત્રણા પછી ચીની સેનાએ એકાદ બે કિ.મી. દૂર ખસી જવાનો નિર્ણય લીધો એને પુરાવો માની મોદી અગાઉ દેશ આગળ જૂઠું બોલ્યા હતા અને એ મુદ્દે એમને દેશની માફી માગવી જોઈએ - એવો હઠાગ્રહ રાખ્યો છે. આ નરી બાલિશ ચેષ્ટા છે. રાહુલને ફરી પાછું પપ્પું-પણું વળગ્યું હોય એવું લાગે છે. કોંગ્રેસે આવી સ્થિતિમાં સરકારની ટીકા કરવાનું છોડી પોઝિટિવ અભિગમ અપનાવવાની પરિપકવતા દાખવવી જોઈતી હતી. એક જ પરિવારની ત્રિપુટી હવે કોંગ્રેસનું સુકાન સંભાળી રહી છે અને ડૉ. મનમોહનસિંહ જેવા પ્રગલ્ભ અર્થશાસ્ત્રી મૌન રહી એની અવિવેકભરી હરકતો સામે આંખ મિચામણાં કરી રહ્યા છે ત્યારે પ્રજાને તો વિપક્ષ તરીકેની કોંગ્રેસની લાયકાત સામે પણ પ્રશ્નાર્થ ઊઠે તે સ્વાભાવિક છે. સરહદ જેવી સંવેદનશીલ બાબતે સરકારની પાછળ પડી જઈ પાણીમાંથી પોરા કાઢવાની રાજનીતિ વખાણવાલાયક નથી જ. તો પછી નહેરુની ભૂલ માટે વર્તમાન સરકાર અને રાજકીય પાર્ટીઓ કોંગ્રેસના વર્તમાન કર્ણધારોને દેશની માફી માગવાનું કહે તે પણ વાજબી જ લેખાશે.

કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી

નવાં કલેવર
નટવર હેડાઉ

પ્રકૃતિએ દરેક પક્ષીઓની સંરચના લગભગ એક જેવી બનાવી છે. બે પગ, બે પંજા, ચારથી પાંચ આંગળીઓ ડોક અને બે પાંખો. પરંતુ બાજ નામનું પક્ષી જેને આપણે ઈગલ કે શાહીન કહીએ છીએ તેની વાત કરીએ તો જે ઉંમરે બાકીના પક્ષીઓના બચ્ચાં કલરવ કરતાં શીખે છે. તે ઉંમરમાં એક માદા બાજ બચ્ચાંને પોતાના પંજામાં દબાવી સૌથી ઊંચે ઊડે છે અને તેને કઠીમમાં કઠીન પ્રશિક્ષણ આપે છે.

માદા બાજ પોતાનાં બચ્ચાને લઈ લગભગ ૧૨ કિલોમીટર જેટલી ઉપર આકાશમાં જાય છે. જયાં અમુક વિમાનો ઉડતા હોય છે અને આટલી ઊંચાઈએ પહોંચવામાં માદા બાજને ૭ થી ૯ મિનિટનો સમય લાગે છે. આટલે ઊંચે પહોંચી તે એક જગાએ સ્થિર થઈ જાય છે. અને પછી ત્યાંથી શરૂ થાય છે પેલાં નાનાં બચ્ચાની અઘરી પરીક્ષા. તેને હવે સમજાવવામાં આવે છે કે તું શાના માટે પેદા થયો છે ? તારી દુનિયા કઈ છે. તારે કઈ ઊંચાઈ હાંસલ કરવાની છે? અને પછી માદા બાજ તેને પોતાના પંજામાંથી છોડી દે છે.

ધરતી તરફ ઉપરથી નીચે આવતી વખતે લગભગ ૨ કિલોમીટર તે બચ્ચાંને સમજણ જ નથી પડતી કે તેની સાથે શું થઈ રહ્યું છે. સાત કિલોમીટર નીચે આવ્યા પછી તે બચ્ચાની પાંખો કે કંજાઈનથી જકડાયેલ હોય છે તે ખુલવા લાગે છે. લગભગ નવ કિલોમીટર આવ્યા પછી તેની પાંખો પુરેપૂરી ખુલી જાય છે. અને આ તેના જીવનનો પહેલો અવસર છે. જયારે તે પાંખો ફફડાવે છે... હવે ધરતીથી લગભગ ૩૦૦૦ મીટર તે દૂર છે. પરંતુ હજુ તે ઉડતા શીખ્યું નથી. હવે તે ધરતીની બિલકુલ નજીક આવે છે. એટલે કે માંડ ૭૦૦ થી ૮૦૦ મીટર પરંતુ તેની પાંખો હજુ એટલી મજબૂત નથી થઈ કે તે ઉડી શકે. ધરતીથી લગભગ ૪૦૦ થી ૫૦૦ મીટર દૂર રહેતાં હવે તેને લાગે છે કે તેના જીવનનો આ અંતિમ અધ્યાય છે. તેવામાં એક પંજો અચાનક આવી તેને પોતાની પકડમાં લઈ લે છે અને પોતાની પાંખો વચ્ચે સમાવી લે છે.

આ પંજો તેની માંનો હતો. જે બરાબર તેની ઉપર ચોંટીને ઊડી રહી હતી. અને આ બાજના બચ્ચાંની પહેલી ટ્રેનિંગ હતી. અને આ ત્યાં સુધી નિરંતર ચાલતી રહે છે. જયાં સુધી તેનું બચ્ચું ઉડતાં શીખી ન જાય, આ ટ્રેનિંગ બિલકુલ કમાંડોના જેવી હોય છે. તે પછી દુનિયાને એક શિકારી બાજ મળે છે. જેને અવકાશની દુનિયાનો અઘોષિત રાજા કહેવામાં આવે છે.

પછી એક સમય એવો આવે છે જયારે બાજ પોતાના વજનથી દસ ગણાથી વધુ વજનના પ્રાણીનો શિકાર કરે છે. તેથી એવી એક કહેવત પણ છે કે 'બાજનાં બચ્ચાં ઘરને છાપરે ન ઉડે.'

આથી એમ કહેવાય છે કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. જેટલી મહેનત અને તાલીમ મળે અને અનુભવો થાય તેમ માનવનું ઘડતર થતું હોય છે. તમે જેટલા મહેનતું હશો એટલાં અંદરથી માનસિક અને બૌદ્ધિક રીતે મજબૂત બનશો, બાકી અમસ્તાં થૂંક ઉડાડવાતઈ કંઈ નહીં વળે. ઊંચે ઉડવાના માત્ર સપનાં જોવાથી સફળતા પ્રાપ્ત થતી નથી. ઊંચું ધ્યેય અને તે માટેનો પરિશ્રમ જ માનવને પોતાના ધારેલા સ્થાને પહોંચાડી શકે છે.

કોઈની મનોવૈજ્ઞાનિક હત્યાના દોષિત આપણે પોતે તો નથી ને?

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

લગ્ન સમયે લગ્ન ગીતો ગાવાનો આપણે ત્યાં રિવાજ છે. લગ્ન લેવાય, કંકોત્રી લખાય ત્યારથી માંડીને નવવધુ સાસરીમાં પગ મૂકે અને પછી સાસરીયે નવવધુના આગમનની બધી વિધી થાય ત્યાં સુધીની બધી જ વિધીઓમાં વિવિધ પ્રકારના ગીતો ગવાય છે. લગ્ન વિધી સમયે મંડપ વચ્ચે જયારે વરપક્ષના અને કન્યાપક્ષના લોકો સામસામે બેઠા હોય છે ત્યારે અમૂક પ્રકારની વિધી સમયે લગ્ન ગીતોની સાથેસાથે ફટાણા પ્રકારના લગ્નગીતો ગાવાનો પણ રિવાજ છે. કેટલીક જ્ઞાતિઓમાં ફટાણા ગાવાનો રિવાજ આજ સુધી પણ અકબંધ રહ્યો છે. કેટલીક જ્ઞાતિઓમાં આ રિવાજ ધીમે ધીમે લુપ્ત થઈ ગયો છે અથવા તો લુપ્ત થઈ રહ્યો છે. અલબત, લગ્નગીતો ગાવાનું પણ હવે ધીમે ધીમે ઓછું થઈ રહ્યું છે એ આપણાં સમાજની કમનસિબી છે.

ફટાણા ગાવા પાછળનો મૂળભૂત હેતુ નિર્દોષ રીતે આનંદ માણવાનો છે. ફટાણા ગીતોના જો અર્થઘટનો કરીએ તો મોટેભાગે તેમાં વરરાજા, તેના માતા-પિતા, તેના કુટુંબીજનો, અણવર, કન્યા, કન્યાના માતા-પિતા, કન્યાના કુટુંબીજનો, અને ગોરબાપાની નિર્દોષ ઠઠ્ઠામશ્કરી હોય છે. કેટલાક ફટાણાં ગીતો પરોક્ષ રીતે તેઓને મહેણાં-ટોણાં મારતા પણ હોય છે. કેટલાક ફટાણામાં એકબીજા ઉપર નિર્દોષ દોષારોપણ પણ હોય છે. ફટાણાં ગીતોમાં જે કઈ અવનવું હોય, તેનો હેતુ માત્ર આનંદ કરવાનો હોય છે.

ફટાણાં ગીતો ગાવાનું હવે લુપ્ત થતું જાય છે તેની પાછળના ઘણાં કારણોમાંનું એક કારણ એ છે કે ફટાણાં ગીતોમાં મહેણાં-ટોણાં હોય છે, એકબીજા ઉપર દોષારોપણ હોય છે, ઠઠ્ઠા મશ્કરી હોય છે જે હવે એકબીજાથી સહન થઈ શકતી નથી. ફટાણા ગાવાના કારણે બે પક્ષો વચ્ચે ઝઘડાઓ થઈ ગયા હોય એવા અનેક પ્રસંગો બન્યા છે. એ ઝઘડાઓને કારણે બન્ને પક્ષો વચ્ચે કાયમી મનદુઃખ થઈ ગયું હોય એવી પણ ઘણી ઘટનાઓ બનતી રહી છે.

ફટાણા ગીતોની તો અહી એક ઉદાહરણ રૂપે વાત મૂકી છે. આપણાં રોજ-બ-રોજના જીવન-વ્યવહારમાં સ્નેહી-સંબંધીઓ કે કુટુંબીજનો વાતવાતમાં એકબીજાને મહેણાં-ટોણાં મારતા હોય છે. એકબીજા ઉપર સાચું-ખોટું દોષારોપણ થતું હોય છે. એકબીજાની બેહૂદી ઠઠ્ઠા મશ્કરી થતી હોય છે. એકબીજાને ખાનગીમાં કે જાહેરમાં ઉતારી પાડવામાં આવતા હોય છે. આ બધા જ પ્રકારની ઘટનાઓથી આપણે સૌ પરિચિત છીએ. કોઈના મહેણાં-ટોણાંના આપણે પોતે શિકાર બન્યા હોય એવું પણ શક્ય છે. અથવા તો આપણે પોતે કોઈને આપણાં શિકાર બનાવીને તેમણે મહેણાં-ટોણાં મારતા આવ્યા હોઈએ એવું પણ શક્ય છે. એ જે હોય તે, આ પ્રકારની ઘટનાઓ અનિચ્છનીય હોવા છતાં આપણાં જીવન-વ્યવહારમાં વણાઈ ગઈ છે.

સ્નેહી, સંબંધી કે કુટુંબીજનોને મહેણાં-ટોણાં મારીને તેમને હેરાન પરેશાન કરવાની કે તેમને માનસિક ત્રાસ આપવાની રીત બહુ પુરાણી છે. એ વૃતિના મૂળિયાં આપણાં પુરાણકાળમાં મળે છે. આપણાં પૌરાણિક ગ્રંથોમાં એવા ઘણા ઉદાહરણો જોવા મળે છે કે કોઈએ પોતાના સ્નેહી-સંબંધીને મહેણાં- ટોણાં માર્યા હોય અને તેને કારણે નાનામોટા ઝઘડાઓ થયા હોય, સ્નેહી-સંબંધીઓ કાયમ માટે એકબીજાના દુશ્મન બની ગયા હોય, બે પક્ષો વચ્ચે મહાયુદ્ધો થયા હોય એવા ઘણા ઉદાહરણો જોવા મળે છે. કોઈના મહેણાં-ટોણાંનો ભોગ બનનાર વ્યક્તિએ આત્મહત્યા કરીને પોતાની જીવન ટૂંકાવી દીધું હોય એવા પણ કિસ્સાઓ પુરાણકાળમાં બન્યા હોય એવા પુરાવા છે. આ વાત થઈ નકારાત્મક અસરની.

કોઈના મહેણાંનો શિકાર બનેલી વ્યક્તિએ પોતાને લાગેલા મહેણાંને ખોટું ઠેરવવા માટે, એ મહેણાંને એક પડકાર તરિકે લઈને, અથાગ પુરુષાર્થ કરીને પોતાના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવ્યા હોય એવા પણ ઉદાહરણો પુરાણકાળમાં બન્યા છે. કવિ કાલિદાસ અને ધ્રુવ (ધ્રુવતારો) મહેણાં-ટોણાંને કારણે આવેલા હકારાત્મક પરિવર્તનના ઉદાહરણો છે. આ પ્રકારના સકારાત્મક પરિવર્તનના બહુ જૂજ ઉદાહરણો છે.

મહેણાં-ટોણાં મારીને કોઈને હેરાન પરેશાન કરવાની વૃતિ એક પ્રકારનો મનોરોગ છે. એક હલકટ અને નીચ વૃતિ છે. આ પ્રકારના મનોરોગીઓ કે નીચ વૃતિ ધરાવતા લોકો પોતાના સ્નેહી સંબંધીઓને પરેશાન કરવા માટે, તેઓને માનસિક ત્રાસ આપવા માટે, ભાવાત્મક રીતે તેમનો દુરુપયોગ કરવા માટે કેટલીક મનોવૈજ્ઞાનિક તરકીબો અજમાવતા રહેતા હોય છે. આ પ્રકારના મનોરોગથી પીડાતા લોકો વિવિધ પ્રકારની મનોવૈજ્ઞાનિક તરકીબો દ્વારા સંબંધીઓને પરેશાન કરીને પોતાના હેતુઓ પાર પાડતા હોય છે, પોતાની નીચ વૃતિઓને સંતોષતા હોય છે અને પોતે સામેની વ્યક્તિને ત્રાસ આપીને, તેમને હેરાન પરેશાન થતાં જોઈને બેશરમ થઈને એક પ્રકારનો રાક્ષસી આનંદ માણતા હોય છે.

આપણી આસપાસ આ પ્રકારની ઘટનાઓ બનતી જ રહેતી હોય છે. એ ઘટનાઓ જોઈને ઘણીવાર આપણને પ્રશ્ન ઊઠતો હોય છે કે આખરે કોઈપણ વ્યક્તિ આ પ્રકારના કૃત્યો શા માટે કરતી હોય છે? પોતાના કૃત્યો દ્વારા આખરે તે પોતાના ક્યાં હેતુઓ પાર પાડતા હોય છે? કોઈને હેરાન-પરેશાન થતાં જોઈને તેઓને ક્યાં પ્રકારનો આનંદ આવતો હોય છે? શા માટે ? શા માટે?

(ક્રમશઃ)

સહકારી બેંકોના સુપરવિઝનમાં રિઝર્વ બેંક સફળ થશે ?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પ્રત્યેક દેશના દરેક નાગરિકને પોતાની આજીવિકાનું એક સાધન કે માધ્યમ હોય અને તેની સાથે એક કોઈ બેન્ક પણ હોય જ છે. આવક-જાવકના વ્યવહારમાં આર્થિક દૃષ્ટિએ બેન્ક વિના કશું પણ ચાલી શકે નહીં એટલે જ બેન્કોને રાષ્ટ્રની કરોડરજ્જુ કહેવામાં આવે છે. બેન્કનું અસ્તિત્વ સદીઓથી છે પરંતુ ઈન્ટરનેટના આગમન પછી બેન્કોમાં દાખલ થઈ ત્યારબાદ નવા પરિવર્તનનો એક યુગ શરૂ થયો. ડિજિટલ વિશ્વ બન્યું ત્યારથી સુવિધાની સંગાથે અનેક દ્વિધા પણ મળી રહી છે કેમ કે આ તબક્કે પૂર્ણ માહિતી ખુબ જ જરૂરી બાબત છે. બેન્કો વાસ્તવમાં સમાજની બચતોને મેળવે અને અને તેના પાયા ઉપર ધિરાણ અને રોકાણનું કામ કરે કે જેથી પોતાનાં સઘળા ખર્ચ કાઢ્યા પછી એ નફો કમાય છે. આ પ્રક્રિયામાં બેન્કર્સની આવડત (Skill) અનુભવ (Experience) પોલિસીઓનું પાલન (Compliances) મહત્ત્વના અંગો માનવામાં આવે છે.૧૯૬૯માં સ્વ. પ્ર.મંત્રી ઈંદિરા ગાંધીનાં શાસનમાં ખાનગી ધોરણે ચાલતી બેન્કોને રાષ્ટ્રીયકરણ કરી સરકારી બેન્કોમાં બદલાવી તથા તેના દ્વારા પ્રજાહિત વિસ્તૃત કરવા ઘણી યોજનાઓ પણ અમલમાં મૂકી અને તેના પર જે તે વર્ષોમાં લાભ પણ મેળવ્યા હતા ! સમય જતા ભારતનો આંતરિક સદાચાર લુપ્ત થતો ગયો, લોન મેળા થવા લાગ્યા અને ફરરીથી સરકારીકરણના ગેરલાભો સપાટી ઉપર દેખાવા લાગ્યા. હવે મૂળ વાત જે કરવાની છે કે બેન્કો જે રીતે ચાલી રહી છે અને બધી જ બેન્કોની એસેટ ક્વોલિટી મહત્તમ રીતે એનપીએમાં વધી રહી છે ત્યારે આ બેન્કો ટકી શકશે? કઈ રીતે બેન્કોને જીવંત રાખવી - એ ચિંતા કરવાનો મુદ્દો છે. બેકીંગ માળખું કઈ રીતે બનેલું છે તે જોઈએ તો - (૧) કોમર્શિયલ બેન્કો (૨) પ્રાદેશિક ગ્રામિણ બેન્કો (૩) સહકારી બેન્કો સરકારી ક્ષેત્રની બેન્કોને પી.એસ. યુ. બેન્ક પણ કહી શકાય છે. આ ઉપરાંત ખાનગી બેન્ક (Private Sector) તેમાં ભારતની તથા વિદેશની બેન્કો હોય છે. આવી ડેવલપમેન્ટ બેન્કની વાત આપણે કરતા નથી. અહીં ડેવલપમેન્ટ બેન્કની વાત આપણે કરતા નથી. હવે ગ્રામીણ બેન્કમાં પ્રાયોજિત સરકારી બેન્ક, રાજય સરકાર અને કેન્દ્ર સરકારનાં સંયુક્ત જોડાણથી તે ચાલે છે.

બીજા તબક્કે મહત્ત્વનું જે માળખું છે તે સહકારી બેન્કોનું છે. તેમાં રાજય સ્તરે એપેક્ષ સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક હોય છે તેની નીચે બીજા સ્તરે સેન્ટ્રલ/જિલ્લા સહકારી બેન્કો કામ કરે છે અને આ બેન્કોની નીચે બોટમ લાઈનમાં પ્રાયમરી કેડીટ કો. ઓપ. સોસાયટીઓ (મંડળી) કામ કરી રહી છે સહકારી માળખું ગુજરાતની વાત કરીએ તો ત્રિસ્તરીય છે! (ત્રણ તબક્કાઓ વાળુ સહકારી માળખું) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા બેંકોની બેંક છે. જે બધી બેંકો માટે કામ કરે છે, જેમાં સહકારી બેન્કો માટે માત્ર નાણાંકિય બાબતો માટે દોરવણી - માર્ગદર્શન આપવાની જવાબદારી હોય છે. સહકારી બેન્કોના વહીવટી ક્ષેત્ર માટે દરેક રાજયમાં સહકાર વિભાગ અને પ્રધાન પણ હોય છે એટલે નોન ફાઈનાન્સિયલ બાબતો તે વિભાગ સંભાળતો રહે છે તેથી સહકારી માળખું ડયુઅલ કંટ્રોલ ધરાવતું બેન્કીંગ માળખું કહેવાય છે ! સહકારી ઢાંચામાં અર્બન કો.ઓપ બેન્કો પણ આવી જાય છે. સહકારી કાયદાની શરુઆત ૧૯૧૨થી થઈ છે. આ માળખું દેશમાં ખુબ વિસ્તૃત છે. છતાં આજ સુધી કમજોર રહ્યું છે. કારણ કે તેની ઘણી બધી લાક્ષણિક મર્યાદાઓ પણ છે. આ તંત્ર મહદંશે ગ્રામીણ અર્થતંત્ર અને કૃષિ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે. અને તેના બહુધા સંચાલનમાં લોકલ વિસ્તારનાં અગ્રણીઓ કે કોઈ મહાનુભાવો અવશ્ય હોય છે. ઉપરાંત આ માળખાનાં સહકારી કાયદા પણ અલગ છે તેના આધારે બેન્કીંગ ચાલતું રહે છે. રાજય સહકારી બેન્કના મોટા ગ્રાહકો કોણ - તો સહજ રીતે બધા જિલ્લાની મધ્યસ્થ બેંકો ! (DCCB) અને જી.મ. સહ.બેન્કનાં



મોટા ગ્રાહક કોણ - તો જે તે વિસ્તારની બધી પ્રાયમરી કેડીટ કો. ઓપ. સોસાયટીઓ અર્થાત્ મંડળીઓ. આ રીતે આ માળખું નીચે મુજબ બને છે.

ઉપરની આકૃતિ દ્વારા સમજી શકાય છે કે આ સહકારી બેન્કીંગ ઢાંચાના સુપરવિઝનમાં હવે રિઝર્વ બેંક ક્યાં અને કઈ રીતે કેવા પ્રકારની કાળજી લેશે કે જેનાથી તેમના બધા જ થાપણદારોના હિતનું રક્ષણ થઈ શકશે ? યાદ રાખવું જરૂરી છે કે આ ક્ષેત્રની બેંકોના સંચાલન યા વહીવટમાં ઘણા મજબૂત લોકો સંલગ્ન છે જે પ્રશાસનમાં પણ હોય છે બીજું ત્યાં કૃષિ ક્ષેત્રે ડિપોઝીટ અન એડવાન્સીઝમાં અંદાજે નેવું ટકાનો હિસ્સો ધરાવે છે ત્રીજું આ બધી બેન્કોમાં મેનપાવર પ્લાનિંગમાં કોઈ રિઝર્વબેંકની નક્કર માર્ગદર્શિકા કે પરિપત્રો નથી અર્થાત્ કે કર્મચારીઓની ગુણવત્તા અને સક્ષમતામાં ઘણી વિવિધતાઓ પ્રવર્તમાન છે. ચોથું આ બેન્કોની કાર્યપદ્ધતિ પણ પી.એસ. યુ. બેન્ક જેવી નથી ત્યાં સીબીએસ. સંક્ષિપ્ત રીતે કામ કરે છે. પાંચમું આ બેન્કો ઉપર વર્ષોથી નાબાર્ડ બોર્ડ પોતાની નીતિઓ મુજબ બધી મદદ, સહાયતા, તાલીમ, વગેરે પુરા પાડે છે. છતાં અહીં જાગૃતિનો અભાવ સહજ રીતે જોવા મળે છે. ગ્રામીણ અર્થતંત્રમાં આ માળખું તેની આગવી સેવા ભાઈચારા અને સ્થાનિક લોકો દ્વારા ચલાવાતી બેન્ક ઘણી પક્કડ ધરાવે છે. રિઝર્વ બેંક હવે સરકારી માળખા માટે કયા પ્રકારના સુપરવિઝનનો ઉપયોગ કરશે તે જોવાનું રહ્યું કેમ કે દરેક પગથિયું થાક તથા ગમગીનીનો અનુભવ જરૂર કરાવશે. હકારાત્મક અભિગમ જો આપવામાં આવશે તો સોનામાં સુગંધ અવશ્ય ભળી જશે. જય હિંદ !!

શેર આસ્વાદ :

પથ્થરો સાથે ય વાતો શક્ય છે પણ
શોધ ભાષા તું પ્રથમ શબ્દો વગરની
(રમેશ પારેખ)